# એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા સજીવ ખેતી તાલીમ કાર્યક્રમનુ આયોજન

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૦ જૂન થી ૧૪ જૂન ૨૦૧૯ દરમ્યાન પાંચ દિવસીય સજીવ ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સમગ્ર ગુજરાતના ૧૨ જીલ્લાના સજીવ ખેતીમાં રસ ધરાવતા ૨૮ ખેડૂતોએ ભાગ લીધો હતો. ઉદ્દઘાટન પ્રસંગમાં માનનીય ડૉ. એન. આઇ. શાહ, ઇ. ચા. આચાર્યશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હસ્તે કરવામાં આવ્યો અને તેઓશ્રી એ સજીવ ખેતી ઉપર મનનીય પ્રવચન આપવામાં આવેલ. ખેડૂતોને સજીવ ખેતીનું સૈધ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક તાલીમ મળે તે ઉદ્દેશથી સજીવ ખેતી તાલીમ કાર્યક્રમ કરવામાં આવે છે. સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ સજીવ ખેતીના આયામ જેવા કે પોષણ વ્યવસ્થા, પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થા, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પધ્ધતિ, બજાર વ્યવસ્થા વગેરે વિષયના નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ - સમાધાન - ઉકેલ ઉપર જ્ઞાન આપવામાં આવેલ જેથી ખેડૂતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ – શાકભાજી - ફળ વગેરે ઉત્પાદન કરી આર્થિક વળતર મેળવી શકે.

સમારોહ કાર્યક્રમમાં માનનીય ડો. અરૂણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદના હસ્તે પ્રમાણપત્ર તથા સજીવ ઈનપુટ સામગ્રી કીટ વિતરણ કરવામાં આવેલ હતું.

સજીવ ખેતીના સમારોહ કાર્યક્રમમાં ડૉ. એન. પી. ચૌહાણ, ઇ. ચા. પ્રાધ્યાપક અને વડા, એ ખેડુતોને સજીવ ખેતીની અગત્યતા અને તકો તેમજ તેને અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્મને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે ડૉ. પી. એમ. પટેલ, સહ પ્રાધ્યાપક અને વિભાગના કર્મચારીઓ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી












